# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 01-Dec. 2024** **સવારે : 7.45 થી 7.55**

**વાર : રવિવાર** **નેશનલ બુલેટિન**

## આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વિવિધ સુરક્ષા સંસ્થાઓના વડાઓ સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

2) મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી અને મહાયુતિ સરકારનો શપથ ગ્રહણ સમારોહ ગુરુવારે યોજાશે.

3) કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડા આજે મધ્યપ્રદેશના ઈન્દોરમાં વિશ્વ એઈડ્સ દિવસ 2024 કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

4) ચક્રવાતી તોફાન ફેન્ગલ તમિલનાડુના દરિયાકાંઠે ટકરાયું. - તમિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદથી જનજીવન અસરગ્રસ્ત.

5) ...અને સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની સિંગલ્સની ફાઈનલ મેચ આજે રમાશે.

.............................................................

# PM - SECURITY CONFERENCE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સતત બીજા દિવસે વાર્ષિક અખિલ ભારતીય મહાનિર્દેશકો અને પોલીસ મહાનિરીક્ષક પરિષદમાં ભાગ લેશે.**

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

શુક્રવારે ઓડિશાના ભુવનેશ્વરમાં શરૂ થયેલી ત્રિ-દિવસીય પરિષદનો આજે છેલ્લો દિવસ છે. શ્રી મોદી સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, દેશના ટોચના પોલીસ અધિકારીઓ અને દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓના વડાઓ  રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે. આંતરિક સુરક્ષા, નવા ફોજદારી કાયદાઓ, દરિયાકાંઠાની સુરક્ષા, સાયબર અપરાધ, માઓવાદી ખતરો અને આતંકવાદ વિરોધી વ્યૂહરચના દ્વારા ઊભા થયેલા પડકારો જેવા અનેક મુદ્દાઓ પર આજે ચર્ચા થઈ શકે છે.

આ પરિષદમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિર્દેશકો અને મહાનિરીક્ષકો અને વિવિધ સુરક્ષા એજન્સીઓના વડાઓ ભાગ લઈ રહ્યા છે. આ દરમ્યાન ગયા ભુવનેશ્વરની ત્રી દિવસીય મુલાકાત પુરી કરી પ્રધાનમંત્રી મોદી આજે સાંજે દિલ્હી પરત ફરશે.

.....................................................................................

# VP - KANPUR VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ઉત્તરપ્રદેશના કાનપુરની મુલાકાત લેશે, જ્યાં તેઓ જયપુરિયા શાળાના સુવર્ણ જયંતિ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. ઉપરાંત, શ્રી ધનખડ IIT કાનપુરની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધિત કરવાના છે.

.....................................................................................

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# MAHAYUTI - TAKE OATH

મહારાષ્ટ્રમાં નવી ચૂંટાયેલી મહાયુતિ સરકારનો શપથવિધિ 5મી ડિસેમ્બરે સાંજે 5 વાગ્યે મુંબઈના આઝાદ મેદાન ખાતે યોજાશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમારોહમાં હાજરી આપશે.

ભાજપ, શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અજિત પવારના જૂથનો સમાવેશ કરતા મહાયુતિ ગઠબંધને તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં 288 બેઠકોમાંથી 230 બેઠકો મેળવી હતી.

ભાજપ 132 બેઠક પર વિજય મેળવી સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો છે. જ્યારે શ્રી શિંદેના નેતૃત્ત્વવાળી શિવસેનાએ 57 તથા અજીત પવારના નેતૃત્ત્વવાળી NCPએ 41 બેઠકો મેળવી છે.

........................................................................................

# WORLD AIDS DAY

એઈડ્સ વિશે જનજાગૃતિ વધારવા માટે આજે વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસ લોકોને એચઆઈવી સામેની લડાઈમાં એક થવાની તક પૂરી પાડે છે.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડા આજે મધ્યપ્રદેશના ઈન્દોરમાં વિશ્વ એઈડ્સ દિવસ 2024 કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. રાજ્યના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ વર્ષનો વિશ્વ એઇડ્સ દિવસ જાગરૂતા વધારવા, સારવાર માટેના અધિકાર-આધારિત અભિગમોને પ્રોત્સાહન આપવા અને HIV- AIDSથી પ્રભાવિત લોકો સામેના ભેદભાવને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

.......................................................................................

# NAGALAND-STATEHOOD

નાગાલેન્ડ રાજ્યનો આજે 62મો સ્થાપના દિવસ છે. 1963માં આજના દિવસે, નાગાલેન્ડ સત્તાવાર રીતે ભારતનું 16મું રાજ્ય બન્યું હતું. આ મહત્વપૂર્ણ સિદ્ધિની યાદમાં આજે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રાજ્ય કક્ષાની ઉજવણી કોહિમામાં નાગાલેન્ડ સિવિલ સચિવાલય પ્લાઝા ખાતે યોજાશે જ્યાં મુખ્યમંત્રી નેફિયુ રિયો સભાને સંબોધશે અને રાજ્યની છેલ્લા છ દાયકાની વિકાસ યાત્રાની ચર્ચા કરશે.

રાજ્યના પ્રગતિના વિઝનને અનુરૂપ શાસન અને શિક્ષણમાં સુધારો કરવાના હેતુથી અનેક મહત્વપૂર્ણ પહેલ શરૂ કરશે. આ સાથે જ નાગાલેન્ડના રાજ્યપાલ લા ગણેશને નાગાલેન્ડના લોકોને રાજ્ય સ્થાપના દિવસના ઐતિહાસિક અવસર પર શુભેચ્છા પાઠવી છે.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

નાગાલેન્ડમાં આજથી પ્રખ્યાત હોર્નબિલ તહેવાર શરૂ થઈ રહ્યો છે. રાજધાની કોહિમાથી લગભગ 12 કિલોમીટર દૂર કિસામાના નાગા હેરિટેજ વિલેજમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાને દર્શાવતો આ ઉત્સવ 10મી ડિસેમ્બર સુધી ચાલશે. આ વર્ષે હોર્નબિલ કાર્યક્રમની 25મી વર્ષગાંઠ છે. હવે આ તહેવાર પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે.

.............................................................................

# CYCLONE

બંગાળની ખાડીમાં ઉદભવેલું ફેન્ગલ વાવાઝોડું ગઈકાલ રાત્રે કરાઈકલ અને મહાબલીપુરમ વચ્ચે તામિલનાડુ અને પુડુચેરીના દરિયાકાંઠે જમીન ઉપર પહોંચ્યું હતું. તે વખતે તેની ઝડપ 90 કિલોમીટર પ્રતિ કલાકની હતી.

ફેન્ગલ ધીમે ધીમે પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને તે ધીમે ધીમે નબળું પડીને ડીપ ડિપ્રેશનમાં ફેરવાશે. વાવાઝોડાને કારણે ઉત્તરી તમિલનાડુ અને પુડુચેરીમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો. ભારે વરસાદને કારણે ચેન્નાઈ હવાઈ મથકને બંધ કરવામાં આવ્યું હતું અને શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા. અધિકારીઓ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ભારતીય હવામાન વિભાગે તમિલનાડુ, દક્ષિણ આંધ્રપ્રદેશ, કેરળ અને આંતરિક કર્ણાટકના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદને ધ્યાનમાં રાખીને અતિભારે ચેતવણી જાહેર કરી છે.

..............................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

..........................................................................

# SYED MODI FINAL-BADMINTON

ભારતનાં પી.વી.સિંધુ અને લક્ષ્ય સેન લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની ફાઈનલમાં પહોંચ્યા છે. આજે બપોરે ફાઇનલ મેચ રમાશે. BWF સુપર 300 સ્પર્ધાની મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં સિંધુએ ઉન્નતિ હુડાને 21-12, 21-9થી પરાજય આપ્યો હતો. હવે પી.વી. સિંધુ ફાઇનલમાં ચીનનાં વુ લુઓ યુ સામે રમશે.જ્યારે લક્ષ્ય સેન પુરૂષ સિંગલ્સની ફાઇનલમાં સિંગાપુરના જિયા હેંગ જેસન તેહ સામે રમશે. લક્ષ્ય સેન જાપાનના શોગો ઓગાવાને 21-8, 21-14થી હરાવીને ફાઈનલમાં પહોંચ્યાં છે.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

મિક્સ ડબલ્સમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોએ ચીનના ઝોઉ ઝી હોંગ અને યાંગ જિયા યીને 21-16, 21-15થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તેઓ થાઈલેન્ડ સામે રમશે.

.................................................................................

# HOCKEY-JUNIOR ASIA CUP

ભારતીય જુનિયર પરુષ હોકી ટીમે ગઈકાલે ઓમાનના મસ્કતમાં પુરૂષ જુનિયર એશિયા કપમાં પૂલ-A મેચમાં ચાઈનીઝ તાઈપેઈને 16-0થી હરાવ્યું હતું. દિલરાજ સિંહે ચાર ગોલ કર્યા હતા. જ્યારે રોસન કુજુરે હેટ્રિક ફટકારી હતી.

ભારતે અંતિમ સમયમાં વધુ ત્રણ ગોલ કરી પૂલ-Aમાં નવ અંક સાથે ટોચ પર સ્થાન મેળવ્યું છે. ભારત આજે તેની આગામી મેચમાં કોરિયા સામે ટકરાશે.

.................................................................................

# PUNJAB - BSF SEIZE DRONES & HEROIN

સરહદ સલામતિ દળ-BSFએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી ભારતમાં ગેરકાયદેસર રીતે મોકલવામાં આવતા કેફી પદાર્થો અને શસ્ત્રો સાથેના 245 ડ્રોન અત્યાર સુધીમાં પકડી પાડ્યા છે.

ગયા વર્ષની સરખામણીએ આ જથ્થો બમણો નોંધાયો છે. જો કે, ગયા વર્ષે પકડાયેલ માદકપદાર્થના 440 કિલોના જથ્થાની સરખામણીએ આ વર્ષે 254 કિલો માદકપદાર્થનો જથ્થો પકડાયો છે.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

BSF દ્વારા જવાનોના પેટ્રોલિંગ અને ટેકનોલોજીના ઉપયોગથી કરવામાં આવી રહેલ દેખરેખના કારણે હેરોઇનની દાણચોરીમાં ઘટાડો નોંધાયો છે. એવી જ રીતે BSFના જવાનોએ પાકિસ્તાનમાંથી ભારતમાં દાણચોરી કરવાના પ્રયાસ માટે 31 પાકિસ્તાની અને 94 ભારતીયોની માલસામાન સાથે અટકાયત કરી છે.

.......................................................................................

# PM CONDOLENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંશોધક ડૉ. પૃથ્વીન્દ્ર મુખર્જીના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. તેમના એક સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, ડૉ. મુખર્જી બહુમુખી વ્યક્તિત્વ હતા, જેમણે બૌદ્ધિક જગતમાં મજબૂત છાપ છોડી છે. શ્રી મોદીએ કહ્યું કે તેમના કાર્યો અને રચનાઓ આવનારા વર્ષો સુધી વખાણવામાં આવશે.

.......................................................................................

# EXTERNAL AFFAIRS - INDIAN STUDENTS

વિદેશ મંત્રી ડૉ એસ. જયશંકરે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી નુકારપુ સાંઈ તેજાની હત્યા પર શોક વ્યક્ત કર્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ડૉ. જયશંકરે કહ્યું કે, શિકાગોમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ પરિવારને તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે. અને શિકાગોમાં ભારતના મહાવાણિજ્ય દૂતાવાસે સોશિયલ મીડિયાના એક સંદેશમાં ગુનેગારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની હાંકલ કરી છે.

તેમણે ખાતરી આપી કે, વાણિજ્ય દૂતાવાસ પીડિતાના પરિવાર અને મિત્રોને તમામ જરૂરી સહાય પૂરી પાડશે.

.....................................................................................

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર

# રજૂ કરે છે નીકિતા શાહ...

- સમાચારપત્રોએ અલગ-અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. ફૂલછાબ લખે છે, મહારાષ્ટ્રમાં સીએમ ભાજપના, શિવસેના-એનસીપીના ડેપ્યુટી સીએમ.
- "ચક્રવાત ફેન્ગલથી તમિલનાડુ, પુડુચેરીમાં જનજીવન ખોરવાયું" આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે.
- દિવ્ય ભાસ્કર લખે છે, દક્ષિણ ભારતમાં ફેન્ગલ વાવાઝોડું ટકરાયું, ચેન્નઈ એરપોર્ટ બંધ કરાયું.
- ગુજરાત સમાચારનું મુખ્ય મથાળું છે, "ટ્રમ્પના શપથ પહેલાં વિદેશી વિદ્યાર્થીઓ અમેરિકા પરત ફરે"
- સંદેશે "બાંગ્લાદેશમાં વધુ 2 સાધુની ધરપકડ"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.
- રાજસ્થાન પત્રિકાએ "કુછ કરો સરકાર! બાંગ્લાદેશી હિન્દુઓ પર અત્યાચાર રોકને કી ઉઠી પુકાર"ને મુખ્યમથાળું બનાવ્યું છે.
- ફૂલછાબ લખે છે, બાંગ્લાદેશી હિન્દુઓ માટે એક્શન લેવા પડશેઃ આરએસએસની સરકારને અપીલ.
- સંદેશનો એક અહેવાલ છે, રાજ્યમાં શાળાએ ભણતા બાળકોના હૃદય નાજુક, દરમહિને એક હજાર 400થી વધુને સારવાર.
- દિવ્ય ભાસ્કર લખે છે, કેનેડાના ટોચના વિપક્ષી નેતા બર્નિયરે કહ્યું, ટ્રુડોએ કેનેડામાં ખાલિસ્તાનીઓને ઉછેર્યા, ભારત સાથેના સંબંધો તેમણે જ બગાડ્યા.

તા. 1-December-2024

સમય : સવારે 7.45(નેશનલ)

- ગુજરાતમાં 1.20 લાખથી વધુને એઈડ્સઃ પ્રતિ એક લાખે ચારને સંક્રમણ આ સમાચાર ગુજરાત સમાચારે ત્રીજા પાના પર પ્રકાશિત કર્યા છે.
- નવગુજરાત સમય લખે છે, અદાણી માટે અલગ કાયદાઃ વાયનાડમાં રાહુલ ગાંધીનો મોદી સરકાર પર પ્રહાર.

(ડેસ્ક- પ્રવેશ)

********************